વિષય : રાષ્ટ્રવ્યાપી HPV રસીકરણ શુભારંભ અને અમલીકરણ બાબત

સંદર્ભ : (૧) કમિશ્નરશ્રી આરોગ્ય (અર્બન અને રૂરલ) અને મેનેજીંગ ડાયરેક્ટરશ્રી NRHMના પત્ર નં. HEC/3946/02/2026 તા.૨૫.૦૨.૨૦૨૬મુજબ

(૨) અધિક નિયામકશ્રી (પ.ક.) ગાંધીનગરના પત્ર નં. HEC/4367/02/2026 તા.૨૬.૦૨.૨૦૨૬ મુજબ

નોંધ ::-

સુરત મહાનગરપાલિકા સંચાલિત તમામ શહેરી આરોગ્ય કેન્દ્ર અને શહેરી સામૂહિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસરોને જણાવવાનું કે સંદર્ભ (૧)માં દર્શાવેલ કમિશ્નરશ્રી આરોગ્ય (અર્બન અને રૂરલ) અને મેનેજીંગ ડાયરેક્ટરશ્રી NRHM અને સંદર્ભ (૨)માં દર્શાવેલ અધિક નિયામકશ્રી (પ.ક.) ગાંધીનગરના પત્ર મુજબ માન. વડાપ્રધાનશ્રીના વરદ હસ્તે તા. ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ અજમેર, રાજસ્થાનથી ગર્ભાશયના મુખના કેન્સર વિરોધી HPV રસીનો રાષ્ટ્રવ્યાપી શુભારંભ થનાર છે. તે અનુસંધાને ગુજરાત રાજ્યમાં પણ માન. મુખ્યમંત્રીશ્રી દ્વારા આ રસીકરણ અભિયાનનો રાજયવ્યાપી પ્રારંભ કરવામાં આવનાર છે.

ભારતમાં સર્વાઇકલ કેન્સરની સ્થિતિ ગંભીર છે અને મહિલાઓમાં ગર્ભાશયના મુખના કેન્સર તમામ નોંધાતા કેન્સરમાં બીજા સ્થાને છે. આ ગંભીર બીમારી સામે રક્ષણ આપવા માટે રાજ્યની તમામ ૧૪ વર્ષની દીકરીઓ **(જેમણે ૧૪મો જન્મદિવસ ઉજવ્યો હોય પરંતુ ૧૫મો નહીં તેવો 1 વર્ષ નો cohort–જન્મ તારીખ ૦૧/૦૧/૨૦૧૧ થી ૨૮/૦૨/૨૦૧૨)** નું રસીકરણ સુનિશ્ચિત કરવાનું થાય છે. આ અભિયાન માટેનો સ્ટ્રેટેજીક એક્શન પ્લાન મુજબ કામગીરી કરવા જણાવેલ છે.

**લાભાર્થીની ઓળખ:** ૧૪ વર્ષની વય ધરાવતી તમામ કિશોરીઓનો હેડ કાઉન્ટ સર્વે કરી યાદી તૈયાર કરવી. ઉપરાંત આ સાથે સામેલ ટેકો+ અને CTS મુજબનો અંદાજીત લક્ષિત વય જુથનો લક્ષ્યાંક પણ હેડ કાઉન્ટ સર્વે દરમિયાન વેરીફાઈ કરવાનો રહેશે. શાળા એ ન જતી કિશોરીઓનું રસીકરણ જે તે કોલ્ડ ચેઈન પોઇન્ટ ખાતે 3 મહિના સુધી અભિયાનના ભાગરૂપે કરવાનું રહેશે.

**શિક્ષણ વિભાગ સાથે સંકલન:**

- શાળામાંથી એક નોડલ શિક્ષકની નિમણૂક થઈ આવવા તમામ શાળાઓનો સંપર્ક કરવો તેઓ દ્વારા રસીકરણ માટે પાત્ર કિશોરીઓની યાદી શહેરી આરોગ્ય કેન્દ્ર/ શહેરી સામૂહિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસરશ્રીને પૂરી પાડશે.
- ખાનગી શાળાઓને પણં આ અભિયાનમાં જોડવા માટે અગાઉથી જાણ કરવાની રહેશે.
- શહેરી આરોગ્ય કેન્દ્ર/ શહેરી સામૂહિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસરશ્રીએ શાળા સાથે સંકલન કરીને પ્લાનિંગ મુજબ વેક્સીનેશનની કામગીરી કરવાની રહેશે.

**પૅરેન્ટ–ટીચર મીટિંગ (PTM):**

રસીકરણની અગત્યતા સમજાવવા માટે દરેક શાળામાં ખાસ PTM પૅરેન્ટ–ટીચર મીટિંગનું આયોજન કરવાનું રહેશે, જેમાં આરોગ્ય કર્મચારી/Nodal Teacher દ્વારા HPV રસી અંગે જાગૃતિ લાવવામાં આવશે અને રસીકરણ પૂર્વે વાલીઓ informed consent તરીકે માહિતી આપવી અનિવાર્ય રહેશે.

**રસીકરણ સ્થળ:** તમામ રસીકરણ સત્રો કોલ્ડ ચેઇન પોઈન્ટ તરીકે કાર્યરત શહેરી આરોગ્ય કેન્દ્ર / શહેરી સામૂહિક આરોગ્ય કેન્દ્રો પર જ આયોજિત કરવાના રહેશે.

વધુમાં, સુરત મહાનગરપાલિકા સંચાલિત તમામ શહેરી આરોગ્ય કેન્દ્ર અને શહેરી સામૂહિક આરોગ્ય કેન્દ્રના વિસ્તારમાં શાળાએ ન જતી તમામ ૧૪ વર્ષની દીકરીઓ (જેમણે ૧૪મો જન્મદિવસ ઉજવ્યો હોય પરંતુ ૧૫મો નહીં તેવો 1 વર્ષ નો cohort–જન્મ તારીખ ૦૧/૦૧/૨૦૧૧ થી ૨૮/૦૨/૨૦૧૨)નું રસીકરણ સુનિશ્ચિત કરવાનું રહેશે.

સંદર્ભ (૨)માં દર્શાવેલ અધિક નિયામકશ્રી (પ.ક.) ગાંધીનગરના પત્ર મુજબ સ્થાનિક કક્ષાએ "HPV Vaccination Campaign" સંબધિત માહિતી મહિલા મંડળ, સેલ્ફ હેલ્પ ગ્રુપ, આશા બહેનો તથા વિસ્તારના પ્રભાવશાળી વ્યક્તિઓ અને મહિલા સમુદાયો મારફતે સમજણ આપવાની રહેશે, તેમજ વિવિધ પ્રચાર–પ્રસારના માધ્યમો જેવાકે – માઇક પ્રચાર, રેલી, ગૃપ મીટીંગ, પોસ્ટર, બેનર, હોડિંગ્સ પ્રદર્શન તથા સોશિયલ મીડીયાનો ઉપયોગ કરી જન–જાગૃતિ કેળવવાની રહેશે.

ઉપરોક્ત નોંધનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

બિડાણ : (૧) કમિશ્નરશ્રી આરોગ્ય (અર્બન અને રૂરલ) અને મેનેજીંગ ડાયરેક્ટરશ્રી NRHMના પત્ર નં. HEC/3946/02/2026 તા.૨૫.૦૨.૨૦૨૬મુજબ
(૨) અધિક નિયામકશ્રી (પ.ક.) ગાંધીનગરના પત્ર નં. HEC/4367/02/2026 તા.૨૬.૦૨.૨૦૨૬ મુજબ

જા.નં.પીએચડી/વીએસસી/૨૩૨૫
તા.૨૬/૦૨/૨૦૨૬

આરોગ્ય અધિકારી
સુરત મહાનગરપાલિકા

| | | |
|---|---|---|
| ન.સા.ર. | : | ડે.કમિશનરશ્રી(ડી–હેલ્થ એન્ડ હોસ્પિટલ) પ્રતિ..... જાણ સારુ. |
| ન.ર. | : | મેડીકલ ઓફિસરશ્રી (વર્ગ–૧), કુ.કુ.બ્યુરો/આર.સી.એચ.ઓ.શ્રી પ્રતિ...... જાણ તથા અમલ કરાવવા સારુ. |
| ન.ર. | : | નાયબ આરોગ્ય અધિકારીશ્રી (તમામ) પ્રતિ......જાણ તથા અમલ સારુ. |
| ન.ર. | : | આસી.મેડીકલ ઓફિસર ઓફ હેલ્થ (તમામ ઝોન) પ્રતિ......જાણ તથા અમલ સારુ. |
| ન.ર. | : | મેડીકલ ઓફિસર(RCH/NHM/તમામ શ.આ.કે./શ.સા.આ.કે./વેક્સીનેશન બ્રાંચ) પ્રતિ... જાણ તથા અમલ સારુ. |
| ન.ર. | : | પ્રોજેક્ટ ઓફિસરશ્રી (ICDS) પ્રતિ... જાણ તથા અમલ સારુ. |

ડૉ. રતનકૅંવર એચ. ગઢવીચારણ આઇએએસ

સત્યમેવ જયતે

નં.પ.ક.ઇમ્યુ/૨૦૨૫-૨૬/HPV રસીકરણ/૨૦૨૬
કમિશનર, આરોગ્ય (ગ્રામ્ય) અને
મિશન ડાયરેક્ટર, નેશનલ હેલ્થ મિશન, ગુજરાત

---

પ્રતિ,

(૧) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી ... તમામ

(૨) મ્યુનિસિપલ કમિશનરશ્રી/નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી (આરોગ્ય) ... તમામ

**વિષય:** રાષ્ટ્રવ્યાપી HPV રસીકરણ શુભારંભ અને અમલીકરણ બાબત

**સ્નેહી શ્રી,**

આપ સૌને સુવિદિત થાય કે માન. વડાપ્રધાનશ્રીના વરદ હસ્તે તા. ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ અજમેર, રાજસ્થાનથી ગર્ભાશયના મુખના કેન્સર વિરોધી HPV રસીનો રાષ્ટ્રવ્યાપી શુભારંભ થનાર છે. તે અનુસંધાને ગુજરાત રાજ્યમાં પણ માન. મુખ્યમંત્રીશ્રી દ્વારા આ રસીકરણ અભિયાનનો રાજ્યવ્યાપી પ્રારંભ કરવામાં આવશે.

ભારતમાં સર્વાઇકલ કેન્સરની સ્થિતિ ગંભીર છે અને મહિલાઓમાં ગર્ભાશયના મુખના કેન્સર તમામ નોંધાતા કેન્સરમાં બીજા સ્થાને છે. આ ગંભીર બીમારી સામે રક્ષણ આપવા માટે રાજ્યની તમામ ૧૪ વર્ષની દીકરીઓ (જેમણે ૧૪મો જન્મદિવસ ઉજવ્યો હોય પરંતુ ૧૫મો નહીં તેવો 1 વર્ષ નો cohort) નું રસીકરણ સુનિશ્ચિત કરવાનું થાય છે. આ અભિયાન માટેનો સ્ટ્રેટેજીક એક્શન પ્લાન નીચે મુજબ છે:

- **લાભાર્થીની ઓળખ:** ૧૪ વર્ષની વય ધરાવતી તમામ કિશોરીઓનો હેડ કાઉન્ટ સર્વે કરી યાદી તૈયાર કરવી. ઉપરાંત આ સાથે સામેલ ટેકો+ અને CTS મુજબનો અંદાજીત લક્ષિત વય જુથ નો લક્ષ્યાંક પણ હેડ કાઉન્ટ સર્વે દરમિયાન વેરીફાઈ કરવાનો રહેશે. શાળા એ ન જતી કિશોરીઓનું રસીકરણ જે તે કોલ્ડ ચેઈન પોઈન્ટ ખાતે 3 મહિના સુધી અભિયાન ના ભાગરૂપે કરવાનું રહેશે.
- **શિક્ષણ વિભાગ સાથે સંકલન:**
  - દરેક શાળામાંથી એક નોડલ શિક્ષકની નિમણૂક કરવી જે રસીકરણ માટે પાત્ર કિશોરીઓની યાદી આરોગ્ય વિભાગને પૂરી પાડશે.
  - ખાનગી શાળાઓને પણ આ અભિયાનમાં જોડવા માટે અગાઉથી જાણ કરવી.
  - જિલ્લા/કોર્પોરેશનના આરોગ્ય અધિકારીશ્રી સાથે સંકલન કરીને આરોગ્ય વિભાગના પ્લાનિંગ મુજબ વેક્સીનેશનની કામગીરીમાં સહયોગ આપવાનો રહેશે.
- **પૅરેન્ટ-ટીચર મીટિંગ (PTM):** રસીકરણની અગત્યતા સમજાવવા માટે દરેક શાળામાં ખાસ PTM નું આયોજન કરવું, જેમાં આરોગ્ય કર્મચારી/Nodal Teacher દ્વારા HPV રસી અંગે જાગૃતિ લાવવામાં આવશે અને રસીકરણ પૂર્વે વાલીઓ informed consent તરીકે માહિતી આપવી અનિવાર્ય રહેશે.
- **IEC પ્રવૃત્તિઓ:** સર્વાઇકલ કેન્સર અને રસીકરણ અંગે પોસ્ટર, બેનર અને માઇક પ્રચાર દ્વારા વ્યાપક જનજાગૃતિ ફેલાવવી.
- **રસીકરણ સ્થળ:** તમામ રસીકરણ સત્રો માત્ર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અથવા રાજ્ય સરકાર દ્વારા નિયત થયે શાળાઓમાં આયોજિત કરવાના રહેશે.

વધુમાં, આપના તાબા હેઠળના આરોગ્ય, મહિલા અને બાળ વિકાસ અને શિક્ષણ વિભાગના તમામ અધિકારીશ્રીઓ એ સંકલન કરી,

ઉચ્ચ ગુણવત્તાયુક્ત રસીકરણ થાય અને શાળાએ જતી તથા શાળાએ ન જતી તમામ ૧૪ વર્ષની કિશોરીઓ HPV રસીથી સુરક્ષિત થાય તે સુનિશ્ચિત કરવા આપની કક્ષાએથી  સ્પષ્ટ સૂચના આપવા વિનંતી.

કમિશનર ઓફ હેલ્થ (ગ્રામ્ય) અને
મિશન ડાયરેક્ટર
(નેશનલ હેલ્થ મિશન), ગુજરાત

**<u>નકલ સવિનય રવાના:</u>**

- અધિક મુખ્ય સચિવશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ), ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ), ગાંધીનગર

**<u>નકલ રવાના :</u>**

- મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, તમામ વિગતવાર આયોજન અને અમલવારી સારૂ.
- કલેકટરશ્રી, તમામ વિગતવાર આયોજન અને અમલવારી સારૂ.
- અધિક નિયામકશ્રી, તમામ
- વિભાગીય નાયબ નિયામકશ્રી, તમામ
- મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી, તમામ
- મેડીકલ ઓફીસર ઓફ હેલ્થશ્રી, તમામ
- RCHOs, તમામ

પ્રથમ માળ, એન.એમ.એમ. ભવન, સિવિલ હોસ્પીટલ કેમ્પસ, સેકટર-૧૨, ગાંધીનગર – ૩૮૨૦૧૬
**Tel: (O) : 079-23223906 / 53299      Email Id: coh-rural@gujarat.gov.in**

*Signature Not Verified*
*Signed by:Dr. Ratankanvar H. Gadhavicharan Commissioner Date:2026.02.25 12:16:25 +5:30*

ડૉ.નયન જાની
અધિક નિયામક (પ.ક.)

નં.પ.ક./
કમિશ્નરશ્રી આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (આ.વિ),
બ્લોક નં. ૫/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
ફોન નં ૦૭૯-૨૩૨-૫૩૩૧૧
ઈમેલ-addir1.health.fw@gmail.com
તા.

---

પ્રતિ,

(૧) મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, આરોગ્ય શાખા,
જિલ્લા પંચાયત, (તમામ)

(૨) મેડિકલ ઓફીસર ઓફ હેલ્થ, મ્યુનિસીપલ કોર્પોરેશન (તમામ)

વિષય: હ્યુમન પેપીલોમા વાઈરસ (HPV) રસીકરણનો તા.૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ માન. વડાપ્રધાનશ્રીના હસ્તે થનાર રાષ્ટ્રવ્યાપી શુભારંભ બાબત

સંદર્ભ: માન. કમિશ્નરશ્રી આરોગ્ય, (ગ્રામ્ય) -વ- મિશન ડાયરેકટરશ્રી, (એન.એચ.એમ.), ના પત્ર નં. પ.ક/૨૫-૨૬/HPV રસીકરણ/શુભારંભ કાર્યક્રમ/૨૦૨૬ તા.૨૬/૦૨/૨૦૨૬

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, રાષ્ટ્રીય સ્તરે HPV રસીકરણ અભિયાનનો પ્રારંભ માન. વડાપ્રધાનશ્રીના હસ્તે તા. 28/02/2026 ના રોજ થનાર છે.

ભારત સરકારશ્રી દ્વારા HPV Vaccination Campaign અંતર્ગત કરવાની થતી પ્રવૃતિ/ કામગીરીની માર્ગદર્શિકાને ધ્યાને લઇ રાજયના તમામ જિલ્લા અને મહાનગરપાલીકા ખાતે "HPV Vaccination Campaign" ની પ્રારંભિક પ્રવૃતિઓની સાથે તેને અનુરૂપ બહોળા પ્રમાણમાં જન જાગૃતિ કેળવવા નીચેની વિગતોએ આપની કક્ષાએથી વિવિધ આઇ ઇ સી કામગીરી કરવા જણાવવામા આવે છે.

(૧) સ્થાનિક કક્ષાએ "HPV Vaccination Campaign" સંબધિત મહિલા મંડળ, સેલ્ફ હેલ્પ ગ્રુપ, આશા બહેનો તથા ગામના પ્રભાવશાળી વ્યક્તિઓ અને મહિલા સમુદાયો મારફતે સમજણ આપવાની રહેશે.

(૨) વિવિધ પ્રચાર-પ્રસારના માધ્યમો જેવાકે - માઇક પ્રચાર, રેલી, ગૃપ મીટીંગ, પોસ્ટર, બેનર, હોર્ડિંગ્સ પ્રદર્શન તથા સોશિયલ મીડીયાનો ઉપયોગ કરી જન-જાગૃતિ કેળવવાની રહેશે.

(૩) જિલ્લા અને તાલુકા કક્ષાએ કાર્યરત વિવિધ સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ મારફતે મહત્તમ વ્યક્તિઓ સુધી "HPV Vaccination Campaign " ને લગતી માહિતી પહોંચે એ રીતે આયોજન કરવાનું રહેશે.

(૪) સ્થાનિક કક્ષાએ રેડીયો, ટીવી,લોકલ ન્યૂઝ ધ્વારા "HPV Vaccination Campaign" બાબતે મહત્તમ પ્રચાર-પ્રસાર થાય તે માટે આયોજન કરવાનું રહેશે.

(૫) અત્રેથી તૈયાર કરેલ વિવિધ IEC મટીરીયલ ને સામેલ QR કોડ/ લીક ઉપરથી ડાઉનલોડ કરી ઉપયોગ કરવાનો રહેશે.

Signature Not Verified
Signed by : Nayan Jani
Additional Director
Health Commissionerate
Date : 2026.02.26 13:26:02 IST

File No: HEC/ILC/e-file/145/2026/2426/Health IEC
Approved By: Additional Director,Health AD FW,HEC
Open the document in Adobe Acrobat DC to verify the E-sign

સદર કામગીરી માટે થનાર ખર્ચ આપની કક્ષાએથી ઉપલબ્ધ ગ્રાન્ટ માંથી કરવાનો રહેશે.

બિડાણઃ-વિવિધ આઇઇસી મટીરીયલ્સ લીંક

અધિક નિયામક (પ.ક.)
ગાંધીનગર

**<u>નકલ રવાનાઃ-</u>**

- વિભાગીય નાયબ નિયામકશ્રી,(તમામ)

- RCHO (તમામ) તરફ જાણ તેમજ ફોલો અપ સારૂ.

**<u>નકલ સવિનય રવાનાઃ-</u>**

- કમિશ્નરશ્રી આરોગ્ય, (ગ્રામ્ય) -વ- મિશન ડાયરેકટરશ્રી, (એન.એચ.એમ.), ગાંધીનગર